# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-04-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ લોકસભા ચૂંટણી માટેનો જાહેર પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે – દરેક પક્ષના રાજકીય નેતાઓ તેમના ઉમેદવારો માટે સમર્થન મેળવવા તમામ પ્રયાસો કરી રહ્યા છે
- ✓ લોકસભા ચૂંટણી 2024ના છઠ્ઠા તબક્કા માટેનું જાહેરનામું બહાર પડતાની સાથે જ આજથી ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે
- ✓ ભારતીય તટરક્ષક દળે ગઈકાલે ગુજરાતના પોરબંદર દરિયાકાંઠે પાકિસ્તાની બોટમાંથી 600 કરોડ કિંમતનું 86 કિલો ડ્રગ્સ જપ્ત કર્યું - 14 લોકોની ધરપકડ કરી છે.
- ✓ ચીનના શાંઘાઈમાં રમાઈ રહેલી તીરંદાજી વિશ્વ કપમાં રિકર્વ પુરુષ ટીમ સ્પર્ધામાં ભારતે સુવર્ણ ચંદ્રક જીત્યો છે.
- ✓ હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ગંગા ક્ષેત્રના પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર અને ઝારખંડના ભાગોમાં તીવ્ર ગરમીની સ્થિતિ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરી છે.

## *CAMPAIGN ALL OVER*

**લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓએ જુદા જુદા મત વિસ્તારોમાં પ્રજાને રિઝવવાના પ્રયાસ કર્યા.**

ત્રીજા તબક્કામાં 10 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ મળીને 95 બેઠકો માટે 7 મેના રોજ મતદાન થશે. આ તબક્કામાં લગભગ 351 ઉમેદવારોનું ભાવી નક્કી થશે. ત્રીજા તબક્કામાં ગુજરાતની તમામ 26 લોકસભા બેઠકો માટે મતદાન થશે. જેને લઈને રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગવતું બન્યું છે.

પ્રધાનમંત્રી મોદીએ કર્ણાટકમાં વિવિધ રેલીઓ અને સભાને સંબોધન કર્યું હતું. બેલગાવીમાં સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા દસ વર્ષોમાં ભાજપની સરકારે ખેડૂતોને વિવિધ કૃષિ સંસ્થાઓની મદદથી ખેત પેદાશોને બજાર સુધી પહોંચાડવાની વ્યવસ્થાને સરળ તેમજ ઝડપી બનાવી છે. બેલગાવી બાદ તેમણે ઉત્તર કન્નડ, દાવંગેરે તેમજ બેલ્લારીમાં પણ ચૂંટણી સભાને સંબોધન કર્યું.

અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે ભાજપનો ચૂંટણી ઢંઢેરો એક નવા, આત્મનિર્ભર તેમજ વિકસીત ભારતની બાહેંધરી છે. તો કૉંગ્રેસ નેતા અભિષેક મનુ સિંઘવીએ પણ અમદાવાદમાં પત્રકારો સાથે વાતચીત કરી હતી. દરમિયાન તેમણે ભારતીય જનતા પાર્ટી સામે લોકશાહીને નબળી પાડવાનો આરોપ મૂક્યો. તેમણે સુરતમાં ભાજપ ઉમેદવારની બિન-હરિફ જીતને લોકતાંત્રિક સિદ્ધાંતોનું ઉલ્લંઘન ગણાવ્યું.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ઉત્તર પ્રદેશના કાશગંજમાં ચૂંટણી સભાને સંબોધતા વિપક્ષ સામે પ્રહાર કર્યા. તેમણે રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠામા હાજરી નહીં આપવા બદલ વિપક્ષની ટીકા કરી. શ્રી શાહે કાશગંજ ઉપરાંત મેઇનપુરી અને ઇટાવામાં પણ ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું.

તો કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આણંદમાં ચૂંટણી સભા સંબોધતા કહ્યું કે જ્યારથી NDA સરકાર સત્તામાં આવી છે ત્યારથી વિશ્વના દેશોનો ભારત પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્ય નાથે બદાયૂં, અઓનલા તેમજ એટામાં ચૂંટણી સભા કરી હતી.

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દિવ – દમણમાં ચૂંટણી સભા સંબોધતા ગરીબ પરિવારની મહિલાઓના ખાતામાં વાર્ષિક 1 લાખ રૂપિયા, તેમજ બેરોજગારોને રોજગાર નુંવચન આપ્યું.

તો સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે સપા ઉમેદવાર માટે સંભલ જિલ્લામાં ચૂંટણી પ્રચાર કર્યો. આ પ્રસંગે તેમણે ભાજપ સામે પ્રહારો કર્યા અનેકહ્યું કે ઉત્તર પ્રદેશના લોકોએ પ્રથમ બે તબક્કાની ચૂંટણીઓમાં ભાજપને જવાબ આપી દીધો છે, અને તેમના ગઠબંધનને મજબૂત સમર્થન મળી રહ્યું છે.

બહુજન સમાજવાદી પાર્ટીના સંયોજક આકાશ આનંદે સિતાપુરમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો.

.................

## *LS-POLL-6TH-PHASE-NOTIFICATION*

લોકસભા ચૂંટણી 2024ના છઠ્ઠા તબક્કા માટેનું જાહેરનામું બહાર પડતાની સાથે જ આજથી ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે.

આ તબક્કામાં છ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 57 લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે. છઠ્ઠા તબક્કામાં દિલ્હીની તમામ સાત બેઠકો, હરિયાણાની તમામ દસ બેઠકો, ઉત્તરપ્રદેશની 14 બેઠકો, બિહાર અને પશ્ચિમ બંગાળની આઠ-આઠ બેઠકો, ઓડિશાની છ બેઠકો અને ઝારખંડની ચાર બેઠકો પર મતદાન થશે.

ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ 6 મે છે. ઉમેદવારીપત્રોની ચકાસણી 7મી મેના રોજ થશે અને ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ 9મી મે છે. 25મી મેના રોજ મતદાન થશે. 4 જૂને મતગણતરી થશે.

.................

## *UP-NOMINATION-RAJNATH*

કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહ આજે ઉત્તરપ્રદેશના લખનઉ લોકસભા બેઠક માટે પોતાની ઉમેદવારી નોંધાવશે.

તે પહેલા લખનઉમાં રોડ શો કરશે અને બાદમાં ઉમેદવારીપત્ર ભરશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી અને પક્ષના અન્ય નેતાઓ ઉમેદવારીપત્ર ભરતા સમયે શ્રી સિંહ સાથે હશે.

કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા સ્મૃતિ ઈરાની પણ ઉત્તરપ્રદેશની અમેઠી બેઠક પરથી ઉમેદવારીપત્ર ભરશે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતાઓ ઉમેદવારીપત્ર ભરતી વખતે શ્રીમતી ઈરાનીની સાથે રહેશે. આ પહેલા એક રોડ શો પણ યોજાશે. 2019માં શ્રીમતી ઈરાનીએ આ બેઠક પરથી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને હરાવ્યા હતા.

દરમિયાન બહુજન સમાજ પાર્ટીએ સામાન્ય ચૂંટણી માટે પાર્ટીના ઉમેદવારોની વધુ એક યાદી બહાર પાડી છે. પાર્ટીએ અમેઠી બેઠક પરથી રવિ પ્રકાશ મૌર્યના નામની જાહેરાત કરી છે. શ્રીમતી સબિહા અંસારી આઝમગઢથી ચૂંટણી લડશે. સૈયદ દાનિશ સંત કબીર નગર લોકસભા બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર હશે.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ આજે હાથરસ અને આગ્રા જિલ્લામાં જાહેરસભાઓને સંબોધશે.

.................

## *PAKISTAN, DURGS*

એક સંયુક્ત ઓપરેશનમાં ભારતીય તટરક્ષક દળે ગઈકાલે ગુજરાતનાં પોરબંદર દરિયાકાંઠેથી પાકિસ્તાની બોટમાંથી 600 કરોડ રૂપિયાની કિંમતનું 86 કિલો ડ્રગ્સ જપ્ત કર્યું છે અને જહાજમાં સવાર 14 લોકોની ધરપકડ કરી છે.

અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો અને આતંકવાદી વિરોધી દળે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું, , જેમાં પાકિસ્તાની બોટમાંથી 14 ક્રુ મેમ્બર સાથે 600 કરોડ રૂપિયાની કિંમતનો અંદાજીત 86 કિલોનો નશીલા પદાર્થોનો જથ્થો પકડવામાં આવ્યો હતો. આ ઓપરેશનમાં સુરક્ષા એજન્સીઓએ ભારતીય તટરક્ષક દળના વિવિધ જહાજો અને એર ક્રાફ્ટનો ઉપયોગ કરીને શંકાસ્પદ બોટની ઓળખ કરી હતી.

પાકિસ્તાની બોટમાંથી પકડાયેલા નશીલા પદાર્થોના જથ્થા સાથે 14 પાકિસ્તાની ક્રુ મેમ્બરને વધુ તપાસ માટે પોરબંદર લાવવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ મહિનામાં ભારતીય તટરક્ષક દળ અને આતંકવાદી વિરોધી દળના સંયુક્ત ઓપરેશનથી 11 જેટલા સફળ ઓપરેશન કરવામાં આવ્યા છે.

.................

## *TIRANDAJI WORLD CUP*

ચીનમાં યોજાયેલી તિરંદાજી વિશ્વકપમાં ભારતે ઓલિમ્પિક ચેમ્પિયન દક્ષિણ કોરિયાને હરાવીને સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે.

રીકર્વમાં ભારતીય પુરુષ ટીમના તરુણદીપ રાય, પ્રવીણ જાધવ અને ધીરજ બોમ્મદેવરાની ત્રિપુટીએ 14 વર્ષ બાદ પ્રથમ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

દિપીકા કુમારીએ વ્યક્તિગત રીકર્વ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. ગઇકાલે ભારતે કુલ આઠ ચંદ્રક જીત્યા છે.

ઉલ્લેખનીય છે કે, ભારતે આ સ્પર્ધામાં 2010માં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

.................

## *WOMAN T-20*

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે બાંગ્લાદેશ સામેની પાંચ શ્રેણીની ટી-20 સિરીઝની પ્રથમ મેચમાં બાંગ્લાદેશને 44 રનથી હરાવ્યું હતું.

ભારતીય ટીમે સાત વિકેટ ગુમાવી બાંગ્લાદેશને 146 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. યાસ્તિકા ભાટિયાએ 29 બોલમાં સૌથી વધુ 36 રન બનાવ્યા હતા. બાંગ્લાદેશ 20 ઓવરમાં આઠ વિકેટે 201 રન જ બનાવી શક્યું હતું. પ્લેયર ઓફ ધ મેચ રેણુકા સિંહે 18 રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી.

.................

## *IPL-CRICKET*

આઈપીએલ ક્રિકેટમાં આજે સાંજે સાડા સાત વાગે કોલકાતા નાઈટ રાઈડર્સ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે.

દરમ્યાન ગઇકાલે અમદાવાદમાં રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત ટાઇટન્સને નવ વિકેટે હરાવ્યું હતું. આરસીબીએ 201 રનનો લક્ષ્યાંક માત્ર 16 ઓવરમાં 206 રન બનાવીને હાંસલ કર્યો હતો. વિલ જેક્સે માત્ર 41 બોલમાં 100 રન બનાવીને ઝડપી સદી ફટકારી હતી જ્યારે વિરાટ કોહલીએ 70 રન બનાવ્યા હતા. બંને બેટ્સમેન અણનમ રહ્યા હતા. જેક્સને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આ પહેલા પ્રથમ બેટિંગ કરવા આવેલી ગુજરાત ટાઇટન્સે 20 ઓવરમાં ત્રણ વિકેટે 200 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી સાઈ સુદર્શને 84 રન અને શાહરૂખ ખાને 58 રન બનાવ્યા હતા.

ચેન્નાઈમાં રમાયેલી અન્ય એક મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે 78 રનથી જીત મેળવી હતી. ચેન્નાઈ સુપર કિંગ્સે સનરાઈઝર્સ હૈદરાબાદને 213 રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જેનો પીછો કરતા સનરાઈઝર્સ 18 ઓવર અને 5 બોલમાં 134 રન જ બનાવી શકી હતી. પ્રથમ બેટિંગ કરતાં ચેન્નાઈ સુપર કિંગ્સે 20 ઓવરમાં ત્રણ વિકેટે 212 રન બનાવ્યા હતા. કેપ્ટન રૂતુરાજ ગાયકવાડે માત્ર 54 બોલમાં 98 રન જ્યારે ડેરીલ મિશેલે 52 રન બનાવ્યા હતા.

.................

## *J-K-SONAMARG-ACCIDENT*

કાશ્મીર ખીણમાં ગઇકાલે સાંજે શ્રીનગર-લેહ ધોરીમાર્ગ પર પ્રવાસીઓને લઈ જતું એક વાહન સિંધ નાળામાં પડી જતાં ચાર પ્રવાસીઓના મોત નિપજ્યાં છે. બચાવ અભિયાન દરમ્યાન આ ચાર મૃતદેહ મળી આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે દુ:ખદ ઘટનાની માહિતી મળતાં જ પોલીસ, આર્મીની 34 આસામ રાઈફલ્સ, ટ્રાફિક ગ્રામીણ પોલીસ, નાગરિક વહીવટીતંત્ર, સ્થાનિક લોકો, SDRF અને NDRFએ સંયુક્ત રીતે એક બચાવ અભિયાન ચલાવ્યું જેમાં ચાર મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા. જો કે આ વિસ્તારમાં સતત ભારે વરસાદને કારણે બચાવ કામગીરી મોકૂફ રાખવામાં આવી હતી.

દરમિયાન લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ સોનમર્ગમાં માર્ગ અકસ્માતમાં લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો છે. એક સંદેશમાં, તેમણે ઘાયલોની ઝડપી સ્વસ્થતા માટે પ્રાર્થના કરી અને જિલ્લા વહીવટીતંત્રને અકસ્માતથી અસરગ્રસ્તોને તમામ જરૂરી સહાય પૂરી પાડવા સૂચનાઓ જારી કરી.

.................

## *IMD-WEATHER*

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ગંગા ક્ષેત્રના પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર અને ઝારખંડના ભાગોમાં ગરમીનું મોજું અને તીવ્ર ગરમીની સ્થિતિ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરી છે.

રાયલસીમા, કર્ણાટક, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કેરળ અને પૂર્વ ઉત્તરપ્રદેશના અલગ-અલગ વિસ્તારોમાં ગરમીની લહેર આવવાની શક્યતા છે. હવામાન વિભાગે કહ્યું છે કે આગામી બે દિવસ દરમિયાન પૂર્વ ભારતમાં મહત્તમ તાપમાનમાં લગભગ એકથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે.

હવામાન વિભાગે કહ્યું છે કે બુધવારથી અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદની સંભાવના છે. આજે, પશ્ચિમ  હિમાલયન ક્ષેત્ર અને ઉત્તર પશ્ચિમ ભારતના આસપાસના મેદાનો પર ગાજવીજ, વીજળી અને ભારે પવન સાથે વરસાદની અપેક્ષા છે. તથા આગામી ત્રણ દિવસ દિલ્હીમાં દિવસ દરમિયાન ભારે પવન ફૂંકાશે.

.................

## *CRITICAL-MINERALS-SUMMIT*

ખાણ મંત્રાલય શક્તિ સસ્ટેનેબલ એનર્જી ફાઉન્ડેશન,  ઉર્જા, પર્યાવરણ અને જળ પરિષદ – CEEW અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ – IISDના સહયોગથી 'મહત્વપૂર્ણ ખનીજ શિખર સંમેલન – લાભ અને પ્રોસેસિંગ ક્ષમતાઓ' કાર્યક્રમનું આયોજન કરશે.

આ કાર્યક્રમ આજે અને આવતીકાલે નવી દિલ્હીમાં લોધી એસ્ટેટ ખાતે આવેલ ઈન્ડિયા હેબિટેટ સેન્ટરમાં યોજાશે.

આ ખનીજ શિખર સંમેલન મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ છે જેનાથી મહત્ત્વપૂર્ણ ખનિજ લાભ અને પ્રોસેસિંગના ક્ષેત્રમાં સહયોગને પ્રોત્સાહન આપવા, જ્ઞાનની વહેંચણી અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે યોજાયેલ છે. આ સંમેલન ભારતના ઝડપી આર્થિક વિકાસ અને મહત્વાકાંક્ષી સ્વચ્છ ઉર્જા લક્ષ્યોની પૃષ્ઠભૂમિ સદર્ભે યોજવામાં આવી રહ્યું છે, જે દર્શાવે છે કે નવીનીકરણીય ઉર્જા પ્રણાલીઓ અને ઇલેક્ટ્રિક વાહનો સહિતની મુખ્ય તકનીકો માટે જરૂરી કાચો માલ CRMને સુરક્ષિત કરવાની તાત્કાલિક જરૂરિયાત છે.

.................

## *MAHA-AI*

મહારાષ્ટ્રના રાજ્યપાલ રમેશ બૈસે ગઇકાલે મુંબઈમાં બોમ્બે હોસ્પિટલમાં આરોગ્ય સેવાઓ અને તબીબી શિક્ષણમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર અર્ધવાર્ષિક સંમેલનનું ઉદ્ઘાટન કર્યું.

આ સંમેલનનું આયોજન નેશનલ એકેડમી ઓફ મેડિકલ સાયન્સ અને બોમ્બે હોસ્પિટલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

આરોગ્ય સેવા ક્ષેત્રમાં સંપૂર્ણ રીતે પરિવર્તિત કરવા માટે તૈયાર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને એક ક્રાંતિકારી ટેક્નોલોજી ગણાવી રાજ્યપાલે આશા વ્યક્ત કરી કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નિદાન અને સારવારના ખર્ચને ઘટાડવામાં મદદ કરશે. રાજ્યપાલે ડોકટરો અને નિષ્ણાતોને ટેક્નોલોજીની શક્તિનો ઉપયોગ કરવા અપીલ કરી અને દર્દીઓ સાથે સારો સંવાદ અને વ્યક્તિગત સંપર્ક જાળવવા જણાવ્યું.

.................